॥ શ્રી પરમાત્માને નમઃ ॥

श्रीमद् कुन्दकुन्दाचार्य विरचित.

द्वादश अनुपेक्षा.

(બારહ ભાવના)

સંસ્કૃત ઉપરથી ગુજરાતીમાં રચનાર.

પંડીત. કૃષ્ણજી [ભટ્ટારક યશકીર્તિજીના ભ્રાતા.]

પ્રકાશક.

નાથુલાલ સોભાગચંદ "અધ્યાપક"

શ્રી માણેકબાઈ દિગમ્બર જૈન પાઠશાળા.

ઇડર—(મહીકાંઠા.)

વીર નિર્વાણ ૨૪૪૧ વીક્રમ સં. ૧૯૭૧

પ્રથમાવૃત્તિ.–પ્રત ૧૦૦૦.

ગોરલ. (ઇડર મહીકાંઠા) ના શા. બાદર સુરચંદ તથા કોઠારી. હીરાચંદ દેવચંદ તથા ગાંધી વીરચંદ બેહેચરના તરફથી ગુજરાતના દિગમ્બર જૈનોને ભેટ.

મુલ્ય રૂપૈયો પા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૪૩૫ वर्गांक

पुस्तकनुं नाम द्वादश अनुप्रेक्षा

विषय ૨૬૫:૩

॥ श्री परमात्माने नमः ॥

श्रीमद् कुन्दकुन्दाचार्य विरचित.

द्वादश अनुपेक्षा.

(બારહ ભાવના)

સંસ્કૃત ઉપરથી ગુજરાતીમાં રચનાર.

પંડીત. કૃષ્ણજી [ભટ્ટારક યશકીર્તિજીના ભ્રાતા.]

પ્રકાશક.

નાથાલાલ સોભાગચંદ "અધ્યાપક"

શ્રી માણેકબાઈ દિગંબર જૈન પાઠશાળા.

ઇડર—(મહીકાંઠા.)

વીર નિર્વાણ ૨૪૪૧ વીક્રમ સં. ૧૯૭૧

પ્રથમાવૃત્તિ.—પ્રત ૧૦૦૦.

ગોરલ. (ઇડર મહીકાંઠા) ના શા. બાદર સુરચંદ તથા કોઠારી. હીરાચંદ દેવચંદ તથા ગાંધી વીરચંદ બેહેચરના તરફથી ગુજરાતના દિગમ્બર જૈનોને ભેટ.

મુલ્ય રૂપૈયો પા.

આ પુસ્તક રખડતું મુકી તેની
આશાતના કરવી નહિ.

૫૩૬૫

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુ... ...સંગ્રહ

અમદાવાદ.
ઘીચારોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

પ્રસ્તાવના.

વાંચક વૃંદ આ દ્વાદશ અનુપેક્ષા નામક ગ્રન્થ આપની સમક્ષ રજુ કરૂ છું. આ ગ્રન્થ શ્રીમદ્ કુન્દકુન્દાચાર્યે પ્રથમ પ્રાકૃત ગાથામાં રચેલ હતો. તેના ઉપરથી શ્રીમદ્ ઇડર ગાદિના ભટ્ટારક શ્રી સકલકીર્તિજીએ સંસ્કૃતમાં રચના કરી તે ઘણીજ રસીક તેમજ સુબોધદાયક હોવાથી ગુજરાતી ભાઇઓના લાભાર્થે શ્રીમદ્ ભટ્ટારક રામકીર્તિજીના શિષ્ય તેમજ ભટ્ટારક શ્રી યશકિર્તિજીના ભ્રાતા પંડિત. કૃષ્ણજીએ કવિતા રૂપ રચના સંવત ૧૮૬૬ નીની સાલમાં કરી હતી.

આ ગ્રન્થ મુલ પ્રાકૃત ગાથામાં હતો, તેના મુલ રચયિતા શ્રીમદ્ કુન્દકુન્દાચાર્ય છે. તેમની રચેલ દ્વાદશ અનુપેક્ષા જે જૈન ગ્રન્થ રત્નાકર કાર્યાલય મુંબઇ તરફથી છપાયેલ છે. તે આ ગ્રન્થની મુલ પ્રતિ છે કે નહીં તે કંઇ સાબીત થતું નથી; અને સંસ્કૃત પ્રતિનો અમને પત્તો મળેલ નથી; જો પુણ્યોદયથી પ્રાપ્ત થશે તો તે પ્રસિદ્ધ કરીશું.

આ ગ્રન્થ ઈડર (મહીકાંઠા) તાબે ગોરલના દહેરાસરમાંથી જીર્ણ અવસ્થામાં એક પ્રત અમને પ્રાપ્ત થઇ હતી. તે ઘણીજ રસીક તેમજ તત્વોપદેશક તથા વૈરાગ્ય દર્શક જણાવાથી ગોરલના શા. બાદર સુરચંદ તથા કોઠારી હીરાચંદ દેવચંદ તથા ગાંધી વીરચંદ બેચરની મદદથી ગુજરાતના ભાઇઓના લાભાર્થે આ ગ્રન્થ પ્રકાશ કરવામાં આવ્યો છે.

આ લઘુ ગ્રન્થની અંદર સંસારી જીવોને ૮૪૦૦૦૦૦ યોનિમાં ભ્રમણ કરતાં અસહ્ય દુઃખ ભોગવવું પડે છે તેનું તથા કર્મબંધ, કર્મ આસ્રવ, સંવર, અને નિર્જરા આદિ તત્વોનું આબેહુબ

તેમજ લલિત વૈરાગ્ય દર્શક છંદોમાં વર્ણન કરેલ છે. આથી આ ગ્રન્થ રમુજી સાથે ધર્મબોધ આપી સુમાર્ગે ચઢાવવામાં ઉપયોગી થઈ પડશે.

વળી આ ગ્રન્થની સાથે કોઈ પંડીતે શ્રીમદ્ ભટ્ટારક સકલકિર્તિજીની રચેલ આરાધના સાર ઉપર ગુજરાતીમાં રચના કરેલ છે તેની સંસ્કૃત મુલ પ્રતી ઇડર સરસ્વતી ભંડારમાં મોજુદ છે. તે પ્રસંગવશ પ્રકાશ કરવામાં આવશે. પણ ગુજરાતી ભાઇઓના લાભાર્થે ગુજરાતી આરાધનાસાર આ ગ્રન્થ સાથે જોડવામાં આવેલ છે. તે સાંભળવાથી જીવો મોહુજનીક સંસારી વાસનાઓને છોડી જીનેન્દ્ર ભગવાન સ્મરણ રાખી ઉત્તમ ગતિનો બંધ કરે. આ ગ્રન્થ ધર્મતત્વોથી ભરપુર તેમજ રસીક છે. આથી અથ ઇતિ વાંચી મનન કરવા સર્વ વાંચકવૃંદ તસ્દી લેશો તો હું મારો પરિશ્રમ સફલ સમજીશ.

વીર નિર્વાણ સંવત ૨૪૪૧
વીક્રમ સંવત ૧૯૭૧

લી. સદ્ધર્મ સેવક.
નાથાલાલ સોભાગચંદ
" અધ્યાપક "
શ્રી માણેકબાઈ દિગંબર
જૈન પાઠશાળા
ઇડર (મહીકાંઠા)

ॐ

श्री परमात्मने नमः   श्री वीतरागाय नमः

श्रीमत्कुन्दकुन्दाचार्य

विरचिता

द्वादशानुप्रेक्षा.

(બારહ ભાવના.)

मंगलाचरण.

दोहा.

પંચ પરમપદને નમું, અર્હંત્ સિદ્ધ શ્રુતિસાર;
ઉપાધ્યાય સાધુ નમું, સ્વર્ગ મુક્તિ દાતાર. ૧
શ્રીજિન મુખથી ઉપની, ભારતી ભવ આધાર;
મુરખ ને પંડીત કરે, એ મોટો ઉપકાર. ૨
આદિ જિણંદ આદિ કરી, તીર્થંકર ચોવીશ;
હોસે ને પ્રથમજ હુવા, ચરણે નામુ શીશ. ૩
એહ ગુરૂને ચરણે નમી, તેહ તણે અનુસાર;
કુન્દ કુન્દ સુરિવર કહી, આગમને અનુસાર. ૪
તેહ તણે ગુણ અનુસરી, સકલ કિર્તિ સુરિરાય;
પરઉપકારને કારણે, વર્ણન કર્યો સુખદાય. ૫

ચોપાઈ.

એહ વર્ણન સાંભળ્યો મેં સાર, ગુણ દીઠા તે માંહિ અપાર;
મુજમન ઉપજ્યો અતિ અનુરાગ, અનુપેક્ષા કહેવા મનોહાર. ૬
ગદ્ય તણી ગાથા જે હતી, કુન્દ કુન્દ સુરિવરે ઉચરી;
સંસ્કૃત કિધિ સકલ કિતિ, તેહ તણે અનુસારે કરી. ૭
હુ બાલ કાલ ધી વર્જિત સાર, ના જાણુ અક્ષર ગુણમાળ;
વ્યાકરણ આદિક જાણુ નહિ, છંદ પીંગળ નાટક ગુણ કહી. ૮
પરહિત કારણ પ્રીતે ધરિ, મન લેઇ સાંભળજ્યો રલી;
મોટા પંડીત બુદ્ધિ નિધાન, શુદ્ધ કરી સુણજ્યો ગુણમાળ. ૯
ભવ સમુદ્ર તારણ જેમ નાવ, એસી પાર ઉતારણહાર;
અનુપેક્ષા ભાવિ ધારિ. ભવ્ય જીવ પાંમે શીવપુરી. ૧૦

દોહા.

અનુપેક્ષા જે ચિંતવે, આતમને હિતકાર;
દર્શન જ્ઞાન ચરિત્રતણા, ભેદ જાણે અપાર. ૧૧

श्लोक.

अध्ध्रुवमशरणमेकत्वमन्यसंसारौ लोकमशुचित्वं
आस्रव संवर निर्झर धर्म्म बोधिं च चिन्तनीयम् ॥१॥

અર્થ:—૧ અનિત્ય, ૨ અશરણ, ૩ એકત્વ, ૪ અન્યત્વ, ૫ સંસાર, ૬ લોક, ૭ અશુચિત્વ, ૮ આસ્રવ, ૯ સંવર, ૧૦ નિર્જરા, ૧૧ ધર્મ, અને ૧૨ બોધિદુર્લભ. એ બારહ ભાવનાઓનું ચિન્તવન કરવું જોઇએ—

૧ अनित्य भावना.

ચોપાઇ.

શ્રી વીતરાગ ગુણ હૈડે ધરિ, સર્વજ્ઞ દેવ પ્રણીપ્રત્ય કરી;
ગણધર ગુરૂને પ્રણમો સાર, કુન્દ કુન્દ સુરિવર અવતાર. ૧

દેવગુરૂને પ્રણુમી કરી, અનુપેક્ષા ભેદ કહુ મનરલી;
અનિત્ય ભાવના પહેલી કહી, અનિત્ય સર્વ દિખે તે સહી. ૨
વીતરાગ વાણી વિણ સાર, ભટકે જીવ સંસાર મોજાર;
નિત્ય કરી માને છે સર્વ, અનિત્ય વસ્તુ દિખે સર્વ. ૩
તે ઉપર તું રાચી રહ્યો, મોહ કર્મે જાયે તે વહ્યો;
આત્મા શીખામણાર્થે સાર, કહુ બાલબોધ હિતકાર. ૪
રામકિર્તિ ગુરૂ પ્રણુમી સાર, તેહતણે અનુસર ગુણમાળ;
જીવ અજીવ તણા ગુણ ભેદ, સંક્ષેપે કહુ ધરિ વિવેક. ૫

दोहा.

જીવ દ્રવ ગુણ વર્ણવું, પ્રથમ અનિત્યજ ભાવ;
નિત્ય કરી માને સદા, રાચી રહ્યો ગમાર. ૬
દ્રવ્ય એક પર્યાય અનેક, વિણસે ઉપજે સંત;
દ્રવ્યરૂપ મૂલકો કહ્યો, જીવ દ્રવ્ય ગુણવંત. ૭
જેમ કંચન ગુણ વિસ્તરે, પર્યાય ધરે અપાર;
સોના રથથી ગુણ ઉજવળા, ઘાટ ઘડે અપાર. ૮
નાના વિધ નામજ કહ્યાં, કડાં કંકણ આદ;
કુંડળ કેજુર ભુજ મણી, પર્યાય ધરિ ગુણભાજ. ૯
તે પર્યાય વિગટી ગઇ, કંચન જેમ શુદ્ધ;
તેમ અનિત્ય સંસારમાં, વિણસીએ જીવ વસી. ૧૦

चाल अंबिकानी.

જીવ અનીત્ય સંસાર સાર ના દિખે જગમાંહે વલીએ;
જિનવાણી વિણ જીવ નિત્ય કરી તું માને સહિએ. ૧૧
કર્મવસ પડયો તું જાણ કાલ ઘણો દુખ ભોગવ્યોએ;
નિત્ય માન્યો સંસાર મોહ કર્મે ઘણો રોલવ્યોએ. ૧૨
અનિત્ય તણા કહુ ભેદ પ્રથક્ પ્રથક્ કરી જુજવાએ;
અનિત્ય ભાવના એ જાણ પ્રથમ અનુપેક્ષા જિન કહિએ. ૧૩
રે! જીવ અનિત્ય સંસાર સાર નાંહિ કાંઇ વસ્તુ સર્વએ;

રાજા વિભુતિ ચંગ હસ્તિ ઘોડા રથ પાલખીએ. ૧૪
એહુ અનિત્યજ હોય નિત્ય ન દીખે સુણો રવીએ;
પાલા પાયદલ જેહુ દાસીદાસ આદિ કહિએ. ૧૫
છત્ર ધરે સીરપર ચામર ઢાળે શીર ઉપરેએ;
અનિત્ય કહ્યો જિન દેવ નિત્ય ન હોયે કીયો સદાયે. ૧૬
લક્ષ્મી છેરે અનિત્ય રાજ મંદીર અનિત્ય કહ્યોએ;
સ્રિય પુત્ર પરિવાર અનિત્ય દીખે તેહુ જગમાંહેએ. ૧૭
સગા સહોદર સાર વિભુષણ આદી કરીએ;
એહુ સર્વે અનિત્ય નિત્ય કહો કેમ માનીએ. ૧૮
ચક્રવર્તિ રીધ ચૌદ રત્ન નવનિધિ કહીએ;
છન્યુ સહસ્ત્ર ધરિ નાર પુત્ર દીખે સાઠ સહસ્ત્ર વલીએ. ૧૯
કલ્પવૃક્ષ જિમ સોહે ચંગ મનવાચ્છિત સુખ ભોગવેએ;
નિત્ય ન હોયે સંસાર અનિત્ય દિખે જગ ગુરૂ કહેએ. ૨૦
અર્ધ ચક્રી નારાયણ ત્રિખંડ તણો રાજ ભોગવેએ;
સોલ સહસ્ત્ર ધરિ નાર રાજ રિદ્ધિ તેહુ ભોગવેએ. ૨૧
પ્રતિ હરિ હરી જાણ લક્ષ્મી કારણ જુદ્ધ કીયોએ;
લક્ષ્મી મુકી ગયા જેહુ મોહે નરકે દુઃખ ભોગવેએ. ૨૨
તે અનિત્ય સંસાર નિત્ય ન દીસે વિવિધ પરિએ;
બલીભદ્ર કામ કાંમદેવ ઋદ્ધિ સર્વે અનિત્ય કહીએ. ૨૩
નિત્ય માને જે સંસાર કાળ ઘણો દુખ ભોગવેએ;
તિર્થંકર જિન દેવ અનિત્ય જાણી સર્વે પરીહરીએ. ૨૪
ચક્રવૃતિ છોડી રીધ જિન દીક્ષા અંગીકાર કરીએ;
જાણ્યું અનિત્ય સંસાર નિત્ય ન દીખે કાય વલીએ. ૨૫
પુદ્ગલ છે અનિત્ય યોવન નિત્ય ન જાણીએ એ;
રૂપ અનિત્યજ હોય ઇંદ્રિય સુખ નિત્ય નહિં એ. ૨૬
દુઃખદાયક છે ઘોર વિષય સતાવિસ ઇંદ્રીય તણાયે;
સંસાર સાગરમાંહિ ભ્રમણ કરે જીવ મોહે જડયોએ. ૨૭
નિત્ય માને સર્વ વસ્ત મુઢ મીથ્યાતિ તે જાણીએરે;

કર્મેવિયો જીવ ચંગ મોહમયણવસે પડયોએ. ૨૮
પંચ ઇન્દ્રિયનાં સુખ વિષય મધનમેં રાચી રહ્યો;
એ સર્વે દુઃખનો ભંડાર રાગ દ્વેષ મોહ વેલડીએ. ૨૯
તે કર્મે કરી બાંધ્યો જીવ આપ કરે આપ ભોગવેએ;
અનંત શકિત જીવ સાર કર્મે બાંધ્યો જીવ અંધોકુઓએ. ૩૦
નિત્ય માને સંસાર અનિત્ય સર્વે જિનવર કહીએ;
આપે કર્ત્તા કર્મ આપે ભોગતા જીવ સહીએ ઘણાએ. ૩૧
આપ સગતિ કરે જો પ્રકાશ કર્મ ન રહે ક્ષણ એક વલિએ;
રાગે બાંધે જીવ કર્મ વિરોધે કર્મ બાંધે ઘણાએ. ૩૨
મોહે કર્મ બંધ હોય આર્તધ્યાને પશુ ગતિ બંધએ;
રૌદ્રધ્યાને નરક નિવાસ ધર્મધ્યાને નર સ્વર્ગ લહેએ. ૩૩
શુકલધ્યાને મોક્ષ હોય અવિચલ સુખ સદા લહેએ;
એવા કર્મ કઠોર બાંધે જીવ મોહે કરીએ. ૩૪
નિત્ય માની સંસાર અજ્ઞાનપણે જીવ દુઃખ સહીએ;
એ અનિત્યજ હોયે નિત્ય ન દિખે કોઈ વલિએ; ૩૫
ત્રણ લોક ત્રસ નાલ સુખ દુઃખ સર્વ અનિત્ય કહ્યોએ;
શક્તિ પ્રગટ વિણ જીવ કર્મ ન છુટે વિવિધ પરિયે. ૩૬
જો પ્રગટ કરો નિજ શકિત હેલા કર્મ છુટે સહિએ;
રામકિર્તિ ગુરૂ સાર તેહતણે ચરણ નમીએ. ૩૭

दोहा.

માગુ ગુણ એ નિરમલા, હોજ્યો મુજને ચંગ;
ભવે ભવે તે નિર્મલા, છૂટું કર્મ હું કંદ. ૩૮
અનિત્ય ભાવના મેં કહી, અલ્પ બુદ્ધિ વિશાળ;
સંક્ષેપે ગુણ વર્ણવ્યો ભાવ ધરિ મનોહાર. ૩૯

इति अनित्य भावना.

૨ अशरण भावना.

दोहा.

અશરણુ ભાવના હુવે કહુ નામે બીજી જાણુ;
તીર્થંકર મન ચિંતવે અવર ભવ્ય સુખકાર. ૧
ચિંતે અનુપેક્ષા સબલ દ્રઢ વૈરાગ્યજ હોય;
સંયમ શુદ્ધ આચરિ પાંમે શીવ ગતિ સોય. ૨

ब्रह्मगुणराजनी.

શરણુ એ અશરણુ સાર નાંમે ભાવના દૂજી કહી;
કુન્દ કુન્દ એ મુનિ ભવતાર વર્ણુન કર્યો તે નિર્મલોએ. ૩
તેહતણા એ પ્રણમી પાય સકલ કિર્તિ સુરિવર કહેએ;
એહ તણે એ અનુસાર જાણ વર્ણુન કરૂં હું નિર્મલોએ. ૪
અશરણુ એ જીવ સંસાર શરણુના દિખે જીવ કહીએ;
તેહુનો એ કહિસુ વિસ્તાર સાંભલો ભવિયણુ નિર્મલાએ. ૫
કહીશું એ ધર્મ પ્રકાશ આત્માને સમજાવીરે;
કહીશું એ વિવિધ પ્રકાર આત્મબુદ્ધ સુખ કારણુરે. ૬
પ્રથમ જાણુવા એહ ગતિ નરક તણો વર્ણુન કરૂએ;
નરક તણારે સુણજો નાંમ પ્રથક્ પ્રથક્ કહુ વલીએ. ૭
ધંવા એ વંસા નામ મેઘા અંજના અરિષ્ટાએ,
મઘવિ એ છઠ્ઠો જાણ સાતમો નરક માઘવી લહ્યોએ. ૮
હે ? આતમ સુણુ તું સાર એનાં દુઃખ તે ભોગવ્યાંએ,
ભોગવ્યાં એ પંચ પ્રકાર છેદન ભેદન આદિ કહ્યાંએ. ૯
એ દુઃખ સહ્યાં તે જાણ વાર અનંત ભોગવ્યાંએ,
તહાં જીવ એ શરણુ ન કોઇ રાખે હુવો ન કોઇએ. ૧૦
ચોરાશીએ લક્ષયોનિ ભમ્યો તૂં અનંત વેળાએ,
ભોગવ્યાં એ દુઃખ અપાર જન્મ મરણુ તણા વળીએ, ૧૧
તહાં પણુ શરણુ ન કોઇ અશરણુ દિખે જગ સહુએ,
ગતિ ચાર ભોગવ્યાં સાર સુખ દુઃખ તે અતિ ઘણાંએ. ૧૨

કહેતાં કંપે કાય સુરગુરૂ દુઃખ વર્ણવે એ,
કોડી પુરવ લગે એ જાણુ તોય પૂરાં ન થાય વળીએ. ૧૩
મનુષ્ય ગતિ મઝાર ભીલ ભોઇ ચંડાળ થયોએ,
ભોગવ્યાં એ દુઃખ અપાર શરણુ ન દિખે કહે તણોએ. ૧૪
તિર્યંચ યોનિ મઝાર અવતર્યો તું વળી નિરમલોએ,
ઊંટ મહીષ એ વૃષભ જાણુ ગાય મહિષી રાચ તહવોએ. ૧૫
પરવશપણે એ સહીઆં દુઃખ સુખ નહિં લવલેશ રહ્યોએ,
ભાખે એવી જીનરાજ સરણુ ન દીખે કોઇ તણોએ. ૧૬
અશરણુ સબ જગ જાણુ જિન વાણી મેં કહ્યો વળીએ,
નાક નાથ એ ભરિઓ ભાર દુષ્ટપણે વળી તીહાં કીયોએ. ૧૭
ભુખ તરષ એ સહી અપાર તાપ તાડ વળી તે સહીએ,
તહાં સરણુ ન કોઇ રાખ વા સમરથ કોય નહિંએ. ૧૮
દેવગતિ એ તરતણા જાણુ સુખ દુખ વળી ભોગવ્યાંએ,
પરતણા એ સેવક થયો જાણુ તિહાં કષ્ટ ઘણું ઉપનોએ. ૧૯
પૃથ્વી એ અપ તેજ માંહે વાયુ વનસ્પતિ ઉપનોએ,
ત્રસ એ કાય મેં જાણુ તિહાં વળી જીવ તું નીપજયોએ. ૨૦
જન્મ મરણુ કીધાં સાર તિહાં સરણુ નહિં કોઇનોએ,
સુક્ષ્મ બાદર લબ્ધ અલબ્ધ પર્યાય બાંધ દુઃખ સુખ સહ્યાંએ. ૨૧
નિત્ય એ ઇતિર યોનિ સાત સાત ભમ્યોએ,
બે ઇન્દ્રિ એ જાણુ તિરેન્દ્રિ ચઉ ઇન્દ્રિા થયોએ. ૨૨
પંચે ઇન્દ્રિ એ માંહિ જીવ સુક્ષ્મ બાદર થઇ અવતર્યોએ,
બે બે લક્ષ એ ચઉ ઇન્દ્રી લગે ચંગ વનસ્પતિ દશલક્ષ કહિએ. ૨૩
ચઉદ લક્ષ મનુષ ગતિ એ ચંગ પંચેન્દ્રિ અસન્ની સંન્ની લહ્યોએ,
સુક્ષ્મ બાદરાંએ લબ્ધ અલબ્ધ અપર્યાપ્તિ તું પામીયોએ. ૨૪
એ પ્રકારે ચોરાશી લક્ષ યોનિ જન્મ મરણુ વળી તે કર્યાએ,
સ્વાસ ઉસ્વાસ એ અંતર મુર્ત્ત માંહિ જન્મ મરણુ તે ઘણા કર્યાએ. ૨૫
સહસ્ત્ર સાછઠ એ ઉપર ત્રણુસો તોતર હોય છતીસવાર તે કર્યાએ,
જન્મ મરણુ એ કીધાં સાર સરણુ ન દીઠો તે વળી કયાંએ. ૨૬

દોહા.

ત્રસ સ્થાવરમેં ઉપનો વિકલત્રય બહુ જાત,
એકેન્દ્રિ આદિ કરી પંચેન્દ્રિય હોય ભાત. ૨૭
વર્ણવ કર્યો સંક્ષેપથી વિસ્તાર કહુ હવે સાર,
લક્ષચોરાસી ગતિ કહું તેમાં શરણુ નહિં સાર. ૨૮
પંડીત કપુ કહે વળી ભવ ભવ માંગુ સેવ,
લક્ષચોરાસી યોનિ તણો ટાલો ફેરો મેવ. ૨૯

आनंदानी.

પૃથ્વીમાંહિ ઉપનો આનંદારે માટીમાંહિ તૂં જાણુતો આનંદારે,
ખણી ખોદીને કાઢીઓ આ૦ દુખ ઉપનો અપારતો આ૦ ૩૦
સુક્ષ્મ બાદર રૂપ ધરિ આ૦ મરણુ જન્મ બહુ કીધતો, આ૦
સરણુ દીઠો કોઇ તણો આ૦ રાખવા સમરથ નહિ હોયતો આ૦ ૩૧
અપકાયમેં ઉપનો આ૦ તિહાં છે દુઃખ અપારતો આ૦
સુક્ષ્મ બાદર તું થયો આ૦ અશરણુ દીસે અપારતો આ૦ ૩૨
તેજકાય અગ્ની કહિ આ૦ સુક્ષ્મ બાદર જાણુતો આ૦
જન્મ મરણુ દુઃખ સહ્યાં આ૦ કહેતાં ન આવે પારતો આ૦ ૩૩
વાયુકાયમેં અવતર્યો આ૦ બાદર સુક્ષ્મ જાણુતો આ૦
દુઃખ ભોગવ્યાં અતી ઘણાં આ૦ સરણુ ન દીઠો કોયતો આ૦ ૩૪
સાત સાત લક્ષયોનિ કહી આ૦ ભમીઓ અનંતી વારતો આ૦
કર્મ સંયોગે દુઃખ સહ્યાં આ૦ કાળ અનંતો અપારતો આ૦ ૩૫
તિહાં શરણુ ન કોઈ તણો આ૦ ધર્મવિણુ જીવ જાણુતો આ૦
સમકિત રતન ત્રયવિના આ૦જિનવાણી વીના નહિં શરણુતો આ૦૩૬
દશલાખ વનસ્પતિ આ૦ ભમીઓ યોનિ મુજારતો આ૦
સુક્ષ્મ બાદર વળી થયો આ૦ દુઃખ ભોગવ્યાં અપારતો આ૦૩૭
નાના વિધિનું વૃક્ષ થયો આ૦ છેદન ભેદન દુઃખતો આ૦
તિહાં સરણુ નહિ તુજને આ. રાખવા સમરથ નહિં હોયતો આ.૩૮
કંદમૂળાદિક ઉપનો આ. છેદન ભેદન બહુ જાણુતો આ.
તલ્યો તાવ્યો તું લુણ દીધો આ. સેકયો ઓકયો જાણુતો આ. ૩૯

તિહાં દુઃખ ઘણું ભોગવ્યો આ. શરણે ન રાખ્યો કોઈતો આ.
ઈતર નિગોદે તું પડયો આ. નિલકુળ મોજાર તો આ. ૪૦
સ્વાસોસ્વાસ એક માંહિ આ. જન્મ મરણ કર્યાં જાણતો આ.
સત્તર વાર તું ઉપનો આ. મરણ થયો વાર અઢાર તો આ. ૪૧
સુક્ષ્મ બાદર તે જાણજ્યો આ. નિત્ય નિગોદે ઇમ હોય તો આ.
સુક્ષ્મ બાદર નીત્ય નિગોદ આ. અશરણ દીઠો સોય તો આ. ૪૨
સાત સાત લખ યોની કહી આ. દુઃખ તણો નહિં પારતો આ.
બે ઇન્દ્રિય વિકલ ત્રય આ. ભમ્યો તું વાર અનંતો આ. ૪૩
તે ઇંદિયમાં એણીપેરે આ. યોનિ ભોગવ્યાં માંહી તો આ.
સુક્ષ્મ બાદર રૂપ ધરિ આ. નાચ્યો તું વિવિધ ધરિ રૂપતો આ.
ચૌ ઇંદિયમાં ઉપનો આ. દુઃખ તણો નહિ અંત તો આ. ૪૫
શરણ દિસે ન કોઇ તણો આ. રાખી ન શકે કોઇ તો આ.
સુક્ષ્મ બાદર તે જાણીએ આ. પર્યાપ્ત અપર્યાપ્તો વખાણતો આ. ૪૬
અલબ્ધ પર્યાપ્તો તું પામીઓ આ. દુઃખ ભોગવ્યાં અપારતો આ.
ઇમ કરતાં પંચ ઇંદ્રિયપણું આ. પામ્યો તું બળવંત તો આ. ૪૭
અસંજ્ઞી સંજ્ઞી થયો આ. સુક્ષ્મ બાદર તું જોયતો આ.
પર્યાપ્ત અપર્યાપ્ત આ. અલબ્ધ પર્યાપ્તો જાણતો આ. ૪૮
અલબ્ધ પર્યાપ્તિ કહુ ભેદતો આ. પર્યાય પરિ જાણીએ આ.
પર્યાપ્તો તેહ જાણતો આ. ગર્ભવાસ માંહિ ઉપજે આ. ૪૯
ગલિજાએ તેહ વિશાલતો આ. અલબ્ધ નામ પર્યાપ્તિ આ.
પામ્યો ન પાંમ્યો જાણતો આ. પુદ્ગલથી જીવ નિસરે આ. ૫૦
આકાસગમન કરે ચંગતો આ. જબ લગે ના યોનિ નિપજયો આ.
અપર્યાપ્તો તે જાણતો આ. સરણ નહિં કહાં જીવને આ. ૫૧
દુઃખં સહે અપારતો આ. બે બે લાખ યોની ભમ્યો આ.
વિકલમય માંહે સારતો આ. સંખ છીપો માંખી ભમર આ. ૫૨
ડંસ મસક સરસા સાપતો આ. વીંછી કીટક અલસીયાં આ.
જુ વાળો માંકણ આદિ તો આ. મુગીમગોડા સાંચણ આ. ૫૩
કુદાજલો મચ્છર જાણતો આ. એ આદિ વિકલત્રય જીવ આ.
ભોગવે દુઃખ અપાર તો આ. કાલ ઘણો એમ ભોગવ્યો આ. ૫૪

શરણુ ન સહાય કોઇ તો આ. ચાર લાખ દેવગતિ આ.
તેહ માંહે જીવ ઉપનો આ. વાહુનાદિક દેવ હુવો આ. ૫૫
જ્યોતિષ કલ્પ વ્યંતર હુવો આ ભવન વાસીની માંહે આ.
દેવ જાતિએ ચારતો આ. ભવનવાસી દશ વિધિતણા આ. ૫૬
વ્યન્તર અષ્ટપ્રકાર તો આ. જ્યોતિસ અસંખ જાણીએ આ.
દેવગતિનો નહિં પારતો આ. અશરણુ છે તે દેવગતિ આ. ૫૭
નરકગતિ ચાર લક્ષ આ. જીવ અશરણુ જાણતો આ.
દુઃખકાલ ઘણો ભોગવ્યો આ. કહેતાં ન આવે પાર તો આ. ૫૮
જન્મ મરણુ કરે ઘણા આ. કર્મતણે વશ જાણતો આ.
તિર્યંચ ગતિ ચાર લક્ષ આ. દુઃખ સહ્યાં અપાર તો આ. ૫૯
અસરણુ પણે તે જાણજે આ. કાલ અનંતો હોયતો આ.
ચૌદહ લક્ષ મનુષગતિ આ. પામ્યો તિહાં વલી દુઃખ આ. ૬૦
જન્મ મરણુ ચારગતિ માંહે આ. સુક્ષ્મ બાદર ધરિ રૂપતો આ.
પર્યાપત અપર્યાપત આ. અલબ્ધ પર્યાપતિ થયો આ. ૬૧
અનંતકાલ દુઃખ ભોગવ્યાં આ. કર્મ વસેં તું જાણતો આ.
અશરણુ છે તે ગતિ માંહે આ. શરણુ ન જાણો જીવનો આ. ૬૨
પંચ સ્થાવર એકત્રસ આ૦ છહ કાયાએ જોય તો આ૦
લક્ષચોરાસી એમ ભણી આ૦ ગતિ ચાર સંયુકતતો આ૦ ૬૩
કાળ અનંતો ભોગવ્યો આ૦ દુઃખ તણો નહિ પારતો આ૦
વિષય સુખમાં મગન થઇ આ૦ ઇન્દ્રિય પાંચ સંયુકતતો આ૦ ૬૪
જન્મ મરણુ તેં ઘણા કર્યા આ૦ કહેતાં ન આવે અંતતો આ૦
એહ દુઃખ નિવારતાં આ૦ સમરથ ન દીસે કોયતો આ૦ ૬૫
રામ કીર્તિ તણો શીશ આ૦ પંડીત કૃષ્ણજી સારતો આ૦
એહ દુઃખ નિરવારજો આ૦ ભવ ભવ તણો વિશાળ આ૦ ૬૬

दोहा.

શરણુ ન દીસે જીવને, જન્મ જરા વળી મરણુ;
શરણુ દિસે જૈન ધર્મ તણો, સમકિત તણે જે મરણુ. ૬૭
સમકિત વીણુ જીવ રખવડે, કાળ અનાદિ જાણુ;

દુ:ખ ભોગવે તે અતી ઘણો, સુણજો કરૂ વખાણુ. ૬૮
મૃગ બાલક દૃષ્ટાન્તજ કહું, શરણુ ન દિસે કોય;
અશરણુ છે તિહુ લોકમાં, જિન વાણી વીન જોય. ૬૯

भास सहीनी.

મૃગ તણો દૃષ્ટાંતજ કહુ અશરણુ દીસે જગ સહુ,
શરણુ ધર્મ સમકીત વિણુ નહિં.
મૃગ ખેલે વનમાં સહી નિર્ભયપણે બાલ લેઇ,
કરી ડાક મુહલ કરે નિર્મલીએ સહિએ. શરણુ. ૭૦
વન પોતાનો જાણીને મોહ કર્મે બાંધ્યો તાણીને,
ભર્મે ભુલાવ્યો ચિત્તે એ સર્વ મહારૂ એ સહિયે. શરણુ. ૭૧
તિણે સમે તિહાં આવિયો મોહપતિ ખરો મોહાવિઓ,
વન મધ્ય ગરજના કરે તે અગલોએ સહિયે. શરણુ. ૭૨
મૃગ બાલક દૃષ્ટે પડયો તે વલી સહી ગૃહ્યોએ,
રાખવા સમરરથ કો વલી કોણુ એ સહિએ. શરણુ. ૭૩
સર્વ મૃગ દેખી રહી બલ કાંઈ ફાવે નહિં,
સિંહ મુખ થકી છોડાવા કોઇ સમરથ નહિ એ સહિયે. શરણુ. ૭૪
સંસાર માંહિ જીવ જાણુ જન્મ મરણુ જરા દુ:ખ ખાણુ,
શરણુ રાખવા સમરથ કોઇ નહિં એ સહિએ. શરણુ. ૭૫
કષ્ટ આવે જબ જીવને દુ:ખ ભોગવે તેહ તેને,
સજન મલી કહે સાર કરો એ સહિએ. શરણુ. ૭૬
વૈદ્ય તેડાવો અતી ઘણા મંત્ર યંત્ર વાદિ ભણ્યા,
ઔષધ મંત્ર યંત્ર કરાવો ઘણાએ સહિએ. શરણુ. ૭૭
જાંણા જોસી તેડાવીએ જન્મોતરી વર્ષફલ કરાવીએ,
ગૃહદોષ હોયે તે દાન દીજીએરે સહિએ. શરણુ. ૭૮
આપ આપણો બલ બોલે કાલ આગલેરે,
સર્વે ભય ડોલે કોઇ ન કાલ સમરથ એ સહિએ શરણુ. ૭૯
કાળ આવે ઘડી આપણી રાંક થાય સજ્જન વલી.
કાળ સનમુખ કોઇ થાય નહી એ સહિએ શરણુ. ૮૦

ચક્રવૃતિ પદ નાર ધાણી નવનિધિ ચૌદ રત્ન વલી,
વિભુતિ દેખે તે સઘલી ધાણીએ સહિએ. શરણ. ૮૧
મુકુટ બંધ રાજા સહી કોઢી ગમ ચુધા મહી,
સેવા કરે આજ્ઞાતે મસ્તક ધરે એ સહિએ. શરણ. ૮૨
કાલ ઘડી આવિ પોહે છે રાંક થઇ ઘેરે બેસે,
સમરથ થઈ ન કોઈ ઉગસે એ સહિએ. શરણ. ૮૩
અશરણ દીસે એ સર્વને શરણ ન દીસે કોયને,
જનમ મરણ દુઃખ તે બહુ સહીએ સહિએ. શરણ. ૮૪
સ્વર્ગ તણા ઇંદ્ર સહુ અમર વિભુતિ ભોગવે બહુ,
તેહુની ઋદ્ધિનો પાર ના પામીયે એ સહિએ. શરણ. ૮૫
દેવ અસંખ સેવા કરે અણુ પરમાણુ પુદગલ કરે,
સ્વર્ગ નરક મૃત્ય લોકે તે સંચરે એ સહિએ. શરણ. ૮૬
વિક્રિય રૂપ ધરી કરી નાના ભેદ રૂપ ધરી;
વિમાન બેસી ત્રણ લોક ભમે એ સહિએ. શરણ. ૮૭
અમર અમર સહુકો કહે જન્મ જરા મરણ લહે,
દુઃખ સહે તે ચિહુગતિ તણા એ સહિએ. શરણ. ૮૮
કાલે સર્વે રાંક કર્યા બલ તેહુના ફોક પડયા,
શરણ ન દીસે વલી કેહુ તણા એ સહિએ. શરણ. ૮૯
શરણ છે લોક સહુ ચક્રવર્તિ ઇન્દ્રાદિક બહુ,
કાળ સનમૂખ કોઇ નાં થાયે સહી એ સહિએ. શરણ. ૯૦
શરણ છે એક ધર્મનો સમકિત રત્નત્રય તણો,
સિદ્ધ વિના સરણ અવર નહી ભણ્યો એ. શરણ. ૯૧
કર્મ વશ પડયો જીવ અસરણ છે તેહુને સીવ એ,
જ્ઞાન વિહુણો જગમે રડવડે એ સહિએ. શરણ. ૯૨
જિન વાણી વીના જીવને સરણ દુર્લભ છે તેહુનેં,
સંસાર માંહે સરણ જિન વાણીનોએ સહિએ. શરણ. ૯૩
રામકિર્તિ તણો શીશ પંડીત કૃષ્ણજી કહે નીત્ય,
ભવ ભવ માગુ શરણ ધર્મ સિદ્ધનો એ સહિએ. શરણ. ૯૪

અશરણ ભાવના કહી સંક્ષેપે વર્ણવી સહી,
ચિન્તવે નર નારી સ્વર્ગ મુકતી લહે એ સહિએ. શરણ. ૯૫

इति अशरण भावना.

३ संसार भावना.

दोहा.

સંસાર ભાવના વર્ણવું, સંક્ષેપે સુવિચાર;
અલ્પબુદ્ધિ છે માહરી, સાંભલો બાલ ગોપાલ. ૧
શ્રી જિનવર સ્વામી કહ્યા, ભેદાભેદ વખાંણ;
ભવ્ય જીવ જે મન ધરે, પાંમે પદ નિર્વાણ. ૨
તેહ અનુમત લેઇ કરી, સંસાર તણા બહુ ભેદ;
તેહ ગુણ હવે સાંભલો, મન મુકી બહુ ખેદ. ૩

भास विनतीनी.

સંસાર ભાવના ચંગ બહુ ભેદ અનિ નીરમલાએ,
પ્રણમી નીજ ગુરૂ પાય પંચ પ્રકાર સંસાર કહ્યાએ. ટેક. ૪
દ્રવ્ય ક્ષેત્રકાલ ભવ પંચમો ભાવ તે જાણીયેરે,
તેહ તણા સુણો ભેદ પ્રથક પ્રથક શ્રીજિનવર કહેએ. ૫
દ્રવ્ય કહીએ પહેલો ભેદ ષટ્ દ્રવ્ય તે ગુરૂ કહ્યાએ,
ત્રસ નાલિમાં જીવ પૂર્ણ ભર્યા છે તે જાણીયેરે. ૬
ચાૈદ રજુ ત્રસ નાલ ઉભી અધોમધ ઉર્ધ્વ લોકએ,
એક રજ્જુ વિસ્તાર લાંબી પહોળી મધ્ય લોક સમએ. ૭
તેમાં ભર્યા છે જીવ કાળ અનાદિ તેહ માંહિએ,
જન્મ મરણ તણા દુઃખ સહે તે વલી કર્મ વશેએ. ૮
ઘટ ભર્યા જેમ ઘૃત તિમ સંસારમાંહિ જીવ ભર્યાએ,
કાજળ ઘાલી કુંપી જીવ દીસે ત્રસ નાલ ભર્યાએ, ૯

ક્ષેત્ર તણુ કહુ ભેદ સાંભલો ભવિયણ નીરમલાએ,
ત્રણ લોક છે ક્ષેત્ર ત્રણુસે ત્રેતાળીસ રજ્જુ કહ્યોએ. ૧૦
ઘનાકાર કરી જાણુ વાત તણો વિધી સહીએ,
ઉંચો છે રજુ ચૌદ ક્ષેત્રનામ એ મોહીએ, ૧૧
તેહ ભર્યો છે જીવ કાલ અનાદિનો જાણીયેરે,
જન્મમરણુ જરા દુઃખ ભોગવે જીવ કર્મવશ થકીરે. ૧૨
આધાર નહિં કોઈ જાણુ નિરાધાર જીવ મોહ વસેરે,
આધાર છે જિન ધર્મ સમકિત રત્નત્રય જાણીયેરે. ૧૩
જિનવાણી વિણુ સાર આધાર નહિં સંસાર વિશેરે,
ભટકે બહુ વિધ કાળ જાણે નહી શુભાશુભ વલીરે. ૧૪
કાળ ભેદ સંસાર ત્રિજો ભેદ હવે કહુંરે,
અતિત અનાગત હોયે વર્તમાને કાળ કહ્યોરે. ૧૫
હુંડા સર્પિણી કાળ અવસર્પિણી કાળ કહ્યોરે,
સુખમ દુઃખમ કાળ તેહ માંહિ જીવ ફેરા ફરેરે. ૧૬
અનંતકાલનો જાણુ નિરાધાર પણે દુઃખ સહેરે,
ભવ ભાવ સંસાર કર્મ વશ જીવ ભોગવેરે. ૧૭
નંદીય તુરગમ હોય પટલ ચાલે તેજલ માંહિરે,
તેમ શુભકર્મ મન તુરંગ ઉડે ણારે. ૧૮
પ્રણામે બાંધે કર્મ સુખ દુઃખ ભોગવે જીવ ઘણોરે,
ચારે ગતિ મોજાર લક્ષ ચોરાસી દુઃખ સહેરે. ૧૯
આધાર નહિં જીવ કોય જિનવાણિ વિન જાણજોરે,
જીહ્યાલોલુપ ચંગ મછ ગલે ફાંસી પડેરે ૨૦
તિહાં આધાર ન કોઈ ધર્મ વિણુ તે દુઃખ સહેરે,
કાળ માછિ તે જાણ કર્મ વશ જીવ માછલોરે. ૨૧
આયુ પુરે લેઈ જાય કોઇ સહાય થાય નહિરે,
કાળ ઘણો ભોગવે દુઃખ મારૂ મારૂ કરી રડવડેરે. ૨૨
તારો નહિં કોઇ જીવ સંસાર ઋદ્ધિ સર્વ કારમીરે,
જે તારો છે ધન તેતો તું ભુલી ગયોરે. ૨૩

મોહ લોકને કાજ દુઃખ ભોગવે તું પરવશ પણેરે,
નિરાધાર દૃષ્ટાન્ત કહુ તેહ સેહુ સાંભલોરે. ૨૪
ભેદ જાણે સહુ કોય કર્મ છુટે સહુ જીવતણાએ,
પંડીત કૃષ્ણજી કહે ચંગ આધાર ભવ ભવ જિનગુણરે. ૨૫

दोहा.

હવે દૃષ્ટાન્તજ કહુ, નિરાધારનો જાણ;
આધાર નહી જીવ બલી, સમકિત ધર્મવિણ જાણ. ૨૬
સમકિત ત્રિણ સેવો નહિં, ન સુણી જિનવાણ;
દેવ ધર્મ ગુરૂ તણા ભેદ, ન જાણ્યા અજાણ. ૨૭
કર્મ વશથી રોલવ્યો, ભોગવ્યો બહુ સંસાર;
દુઃખ દેખ્યા જીવે ઘણા, સાંભળ કહુ વિચાર. ૨૮

भास नरेसुयानी

વરસ ઋતુ કાળ સમેએ નરેસુયા વરસે મુસલધાર,
પુર આવ્યું નદીએ ઘણુએ નરેસુયા મૃત્યુતવ વહુ જાય. ૨૯
કોઈક હસ્તિ કલેર એ નરેસુયા પુરમાંહે વહાય,
માસલુબ્ધ ઉપર બેઠોએ નરેસુયા કાગ બેઠો માંસ ખાય. ૩૦
ઉપર બેઠો વહ્યો ઘણોએ નરેસુયા ઉડી ન શકયો તે કાગ,
જીભ લોલુપ તે જાણીયેરે નરેસુયા જાણે નહિ વિચાર. ૩૧
નદીય નીર તવ ચાલ્યુરે નરેસુયા મલીયુ તે સમુદ્ર માંહ,
મધ્ય ભાગે તે તનુ ગયોરે નરેસુયા કિહાં ન દીઠો આધાર. ૩૨
તેહ સમે એક આવિયોરે નરેસુયા મોટો છે મહામચ્છ,
કલેવર દીઠુ હસ્તી તણુરે નરેસુયા તાણી લીધુ જલ માંહ. ૩૩
તવ તે કાગ ઉડી ગયોરે નરેસુયા બહુ દિસે ફર્યો અપાર,
ફરી ફરીને તે થાકીઓરે નરેસુયા કિહાં ન દીઠો આધાર. ૩૪
પાછો તે જલ માંહે પડયોરે નરેસુયા મરણ પામ્યો તે કાગ,
નિરાધાર એમ જાણિએરે નરેસુયા કાગ તણોરે દૃષ્ટાંત. ૩૫
સંસાર માંહે જીવ એમ એ નરેસુયા નિરાપણે મન રંગ,

ભટકે જેમ કાગ પરે એ નરેસુયા ધર્મ વિહુલો રંગ. ૩૬
આત્મ શકિત પ્રગટ કરેરે નરેસુયા તો જાણે વિચાર,
રત્નત્રય ગુણ ચિંતવેરે નરેસુયા સંસાર એહ આધાર. ૩૭
સંસાર ફાંસ છુટા વિનારે નરેસુયા આધાર કોઇના હોય,
કર્મ બંધે જીવ બાંધીઓરે નરેસુયા તબલગે નિરાધાર હોય. ૩૮
એમ જાણી જીવ ચિંતવોરે નરેસુયા અનુપેક્ષા મન રંગ,
સંસારાનુ પેક્ષા કહીયેરે નરેસુયા ચિંતવો તે ભવ્ય ચંગ. ૩૯
સંસાર પાસ છોડવારે નરેસુયા જિનગુણ માગુ સાર,
પંડીત કૃષ્ણજી કહે સુદાર નરેસુયા ભવ ભવ દીજો અપાર. ૪૦

दोहा.

સંસાર ભાવના મેં કહી, ત્રિજી અનુપેક્ષા ચંગ;
ભયવ્ય જીવ મનમે લહો, પાવો શીવ સુખ પંથ. ૪૧

इति संसार भावना.

४ एकत्व भावना.

ગુરૂતણા પદ પ્રણમી કરી, એકત્વ ભાવના જેહ;
સંક્ષેપે કહુ મન રલી, સાંભલજો સહુ તેહ. ૧

भास सुग सुंदरीनी.

એકત્વ નામ અનુપેક્ષાએ સુગુ જીવડા એકલો કહ્યો નામ,
એકલો જગમાં અવતરેરે સુણ જીવડા એકલો મરેરે ગમાર. ૨
સુખ દુઃખ ભોગવે એકલોરે સુણ જીવડા એકલો ભોગવે સુખ,
કુટુંબ કારણ તું રડવડેરે સુણ જીવડા પાપ કરે અપાર. ૩

વણજ્ય કરે તુ અસત્યતણોરે સુણ જીવડા ઉદર ભરણને કાજ,
કુટુંબ પોષવા કારણેરે સુણ જીવડા જસ જોડવા નરરાજ. ૪
પુત્ર કલત્રને કારણ એ સુણ જીવડા અધીક ઉછાંકર્યો ચંગ,
મોહની ફંદ મોટો એહુરે સુણ જીવડા સીતેર કોડીનો બંધ. ૫
તેણે મોહે તું વાહિયોરે સુણ જીવડા પુણ્ય ન કર્યો ઉતંગ,
તેણે કરી તુ અવતર્યોરે સુણ જીવડા લક્ષ ચોરાસી યોની. ૬
સર્વ સજ્જન મલી કરીએ સુણ જીવડા તુજને વખાણ્યો સાર,
અર્ક કુલ તું રૂવડો રે સુણો જીવડા ઉજલો કર્યો કુલ ભાર. ૭
એમ સજ્જન તુજ જસ બોલેરે સુણો જીવડા તેમ તું કુલ્યો અપાર,
ક્રોધમાન માયા લોભે કરીરે સુણો જીવડા તૃણવત્ ગણે સંસાર. ૮
કર્મ જોડયો તેં અતી ઘણોરે સુણ જીવડા મુઢપણેરે ગમાર,
અનંતાનુ બંધ ચોકડીરે સુણ જીવડા તે ભોગવી સુવીચાર. ૯
કુટુંબ કારણે તેં પાપ કર્યોરે સુણ જીવડા ન ગણ્યો ધર્મ વિચાર,
પક્ષપાત તેં ઘણા કર્યારે સુણ જીવડા મોહ કર્મે તેં અપાર. ૧૦
તેને કરી તું નરકે ગયોરે સુણ જીવડા ભોગવ્યાં દુઃખ રસાળ,
તિહાં કુટુંબ રહ્યા વગલોરે સુણ જીવડા સહુવા ન લાગે લગાર. ૧૧
એકલે તે વલી ભોગવ્યાંરે સુણ જીવડા ભલાં ભુડાં કીધાં કર્મ,
લક્ષચોરાશી ફેરા ફર્યોરે સુણ જીવડા કોઇ ન રાખ્યો શરણ. ૧૨
ક્રોધ કરી નરકે ગયોરે સુણ જીવડા પામ્યો દુઃખ અપાર,
તે દુઃખ ભોગવે એકલોરે સુણ જીવડા જન્મમરણ તણા દુઃખ. ૧૩
રૌદ્રધ્યાન કરી વલી પડયોરે સુણ જીવડા નરક માંહિ તું જીવ,
દુઃખતણો પાર નહીરે સુણ જીવડા જિનસ્વામી કહે જગધીશ. ૧૪
સાત નરક તણાં કહ્યારે સુણ જીવડા દુઃખ વિવિધ પ્રકાર,
તાપ ટાઢ છેદનતણારે સુણ જીવડા ભેદનતણા વિકાર. ૧૫
સુલા રોપણ ભુખ ને તરસનારે સુણ જીવડા શીત ઉષ્ણ વલી જોય,
તેત્રીસ સાગર દુઃખ ભોગવ્યાંરે સુણ જીવડા કર્મતણે વશ હોય.
એકલે દુઃખ તેં ભોગવ્યાંરે સુણ જીવડા કીધાં કર્મફલ જાણ,
અવર ભોગવે જીવ સુણોરે સુણ જીવડા કુટુંબ ત્રિયા પુત્રવાન.

નર સ્થીતિ પુરી કરીરે સુણ જીવડા તું અવતર્યો ગમાર,
આર્તધ્યાન તુજ ઉપનોરે સુણુ જીવડા પડયો તિર્યંચ મુજાર. ૧૮
એકલો આવી અવતર્યોરે સુણુ જીવડા કર્મતણા ફલ એહ,
શુભાશુભ જીવ બાંધેરે સુણુ જીવડા ભોગવે તેવા જેહ. ૧૯
એકલો કરે કર્મ જીવરે સુણુ જીવડા એકલો સહે દુઃખભાર,
જન્મમરણુ એકલો કરે સુણુ જીવડા એકલોજ સાધે મોક્ષ. ૨૦
તિર્યંચગતિ તણા દુઃખ સુણોરે સુણુ જીવડા પશુગતિ કહી જિનરાય,
વિવિધ પ્રકારના ભેષ ધર્યારે સુણુ જીવડા તે કહુ સુણો નરરાય.
વાઘ થયો તું એકલોરે સુણુ જીવડા સિંહ થયો તું જાણુ,
હરણુ રોઝ વલી તું થયોરે સુણુ જીવડા દુઃખ સહ્યાં અપાર. ૨૨
સીયાલીના ભેખ તે ધર્યારે સુણુ જીવડા કર્મતણા ફલ એહ,
હસ્તિ ઘોડા તું થયોરે સુણુ જીવડા વૃષભ ગાય હુવો તેહ. ૨૩
મહિષી ગર્ધવ સ્વાન હુવોરે સુણુ જીવડા મંજાર દુષ્ટ જીવ કાગ,
સાંમલી સીમલી તું થયોરે સુણુ જીવડા સિંચાણો થયો અતીવ. ૨૪
ઉલુક કાપોત પરાપતરે સુણુ જીવડા સાંમ રત્ન મરકત,
તિર્યંચ ગતિમાંહિ તું સુણેરે સુણુ જીવડા એકલે ભોગવ્યાં સંકટ.
એહ દુઃખ નિવારજેરે સુણુ જીવડા ચારગતિ તણા ચંગ,
કૃષ્ણુ પંડીત મનરલીરે સુણુ જીવડા માગુ ધર્મ બહુ રંગ. ૨૫

दोहा.

ગતિ તિર્યંચ તણા કહ્યા, નામ વિવિધ બહુ જાત;
ભેખ ધરિને નાચીઓ, કર્મબલે વિખ્યાત. ૧
એહ દુઃખ જો વર્ણવે, જિનવર સ્વામી ચંગ;
થર થર ધ્રૂજે દેહડી, મન પાંમે વલી ભગ. ૨
મનુષ દેવગતિ કહી, વર્ણવ કહુ વિચાર;
સાંભળો ભવિયણુ નિર્મલા, મુકો કર્મ વિકાર. ૩

ભાસ વણજારાની.

વણજારારે મનુષગતિ મોઝાર એકલો આવી અવતર્યો,
વણ૦ કર્મતણા અનુસાર આવી પડયો મનુષ માહે. ૧
વણ૦ પુણ્યહીન જાણીને નીચ કુળ તું પામીયો
વણ૦ ભીલ થયો તું સાર ભોઇ કુલે તું ઉપનોરે. ૨
વણ૦ કિધાં તેં બહુ પાર ન આવે જીવ તણો,
વણ૦ ચંડાલ ધરિ પામ્યો જન્મ ધર્મ ન પામ્યો તુ જિનતણો. ૩
વણ૦ પડયો તું ગર્ભ મોઝાર ગર્ભ વેદના તે બહુ સહી,
વણ૦ પર્યાય પુરી નવ હોય ગર્ભ માંહેથી ગયો ગળી. ૪
વણ૦ પામ્યો તિહાં તું દુઃખ કર્મફ્લે તું જાણજે,
વણ૦ ઉત્તમ કુલ અવતાર ગર્ભ વેદના તેં ઘણી સહી. ૫
વણ૦ નરક થકી અધીક ગર્ભ વેદના કેવલી કહે,
વણ૦ ભોગવે એકલો જીવ મરણ પામે એકલો. ૬
વણ૦ પર્યાય પાંમ્યો જે સાર બાહિર આવી મરે સહી,
વણ૦ અધુરી પર્યાય તું જાણ ગર્ભ માંહેથી ગયો ગલી. ૭
વણ૦ એહ કષ્ટ તણો નહિ પાર કર્મબંધનથી બાંધીઓ,
વણ૦ શુભ બાંધે જે કર્મ સુખ ભોગવે તું એકલોરે. ૮
વણ૦ અશુભ તણે પરભાવ અશુભ કુલ પાંમે ઘણોરે,
વણ૦ શુભ કર્મ તણે પરભાવ તિર્થંકર ચક્રવૃતિ. ૯
વણ૦ પગ બંધન સમ જાણ સોના રૂપા બેડી સમી,
વણ૦ અશુભ કર્મ વલી જોય લોખંડ બંધ છે નિરમલો. ૧૦
વણ૦ એકલો બાંધ કર્મ છોડે તે એકલો,
વણ૦ તિર્થંકર તું જોય સબલ કર્મ તોડી કરી. ૧૧
વણ૦ પામ્યા પદ નિર્વાણ આપ શકિત પ્રગટ કરી,
વણ૦ ચક્રવૃતિ વલી જાણ તેણે કર્મ તોડયા ઘણા. ૧૨
વણ૦ પુણ્યાતણાં ફલ એહ પામ્યો તે શીવ પદ વલી,
વણ૦ રાય હુવો મંડલેશ અર્ધ મંડલી વલી તું થયો. ૧૩
વણ૦ મુકુટ બંધ વલી રાય નગરપતિ ગ્રામપાતે હુવો,

વણુ૦ શંક થયો તું જાણ એણી પ્રકાર તું નાચીયો. ૧૪
વણુ૦ મનુષ ગતિ માંહે જીવ એકલો વલી તું ભમ્યો,
વણુ૦ એહ વિધિ નાચતાં ચંગ પુણ્ય પ્રભાવે તું ઉપન્યો. ૧૫
વણુ૦ દેવ ગતિ મોજાર કર્મ વસે તું પામીઓ,
વણુ૦ તિહાં પણ એકલો હોય ધર્મ સહાય છે જીવ તુને. ૧૬
વણુ૦ એકલો જાયે તે મોક્ષ કર્મ સગલ તોડી કરી,
વણુ૦ આત્માનું ધરિ ધ્યાન સાસ્વત સુખ પામો વલી. ૧૭
વણુ૦ એહ ગુણ દિજો સાર ફેરો મેટાવો ભવ તણો,
વણુ૦ રામકિતિ ગુરૂ શિષ્ય કૃષ્ણુદાસ તુજ પદ નમ્યો. ૧૮

इति एकत्व भावना.

५ अन्यत्व भावना.

दोहा.

પંચમી અનુપેક્ષા કહુ, પ્રણમી સહ ગુરૂપાય;
નત્વ તણા ભેદ કહુ, સાંભલો તમો સુખદાય. ૧
નત્વ કહેતાં અન્યત્વ છે, અન્યત્વ છે ભિન્ન ભેદ;
સર્વ સંસારમાં વલી, ભિન્ન ભિન્ન દિસે ભેદ. ૨

भास रासनी.

જિય ભિન્ન વલી જાણીરે ભિન્ન છે વસ્તુ સર્વતો,
માતા પીતા અન્ય કહ્યારે પુત્ર દીસે વલી અન્યતો. ૩
ઇ માંહિ કાંઈ તારૂં નહીરે સબ જગ જુઠી વાતતો,
બંધવ એ અન્ય કહ્યોરે અસ્તરી પણ અન્યતો. ૪
સજ્જન લોક તે જાણીયેરે અનિત્ય દિસે તે સર્વતો,
મોહ કર્મે બાંધ્યો જીવરે નીત્ય માંની ભુલ્યો સર્વતો, ૫

નીત્ય નહિં ઘર આપણોરે ઘર લક્ષ્મી પરિવારતો,
હસ્તી ઘોડા રથ પાલખીરે વિભુતિ સર્વ છે ભિન્નતો. ૬
કર્મ શુભાશુભ તે સહીરે બાંધે તે વલી જીવતો,
તેહ પણ ભિન્ન જાણીયેરે કહ્યો શ્રી જિનવાણતો. ૭
પાપ પુણ્યથી ભિન્ન એ જીવ વિચાર તું જોયતો,
પાપ બંધ જગ વિશેરે બંધશે અનંત સંસારતો. ૮
કર્મ વશે દુઃખ ભોગવેરે ભિન્ન દિસે એ સર્વ તો,
પુણ્ય બંધ જીવ જાણીયેરે શુભ કર્મ પ્રતિબંધતો. ૯
શુભ ભોગવે જીવ ઘણોરે કર્મ તણે પ્રસંગતો,
ભોગવી પણ રાચી રહેરે બંધ એ કર્મનો સંચતો. ૧૦
સુખ દુઃખ સર્વ જાણીયેરે ભિન્ન દીસે કર્મ વશતો,
ભિન્ન કાયા ભિન્ન જીવ એરે થીર ના દીસે કાયતો. ૧૧
પાકે કર્મવશ એ સબેરે ના જાણે શુભ અશુભતો,
મોહવશ જીવ વાહિયોરે ના ગણે ધર્મ અધર્મતો. ૧૨
પુણ્ય ભેદ જાણે નહીરે ના જાણે શુભ ગુણ ભેદતો,
મોહ કર્મે હીંડે મદ ભર્યોરે વિહવલ દિસે જેમ વાણતો. ૧૩
એ સર્વે ભિન્ન દિસેરે નિત્ય ન દિસે કાંઇતો,
નિત્ય માંને તું જીવ વલીરે કર્મ તણે વસ ભાઇતો. ૧૪
માયા કરે જગ તે વિશેરે કેલવે કપટ વિકારતો.
મમત કરે વલી અતિ ઘણીરે ના ગણે કાંઈ અર્થતો. ૧૫
ભિન્ન દિસે વલીએ સહુરે નિત્ય ન દિસે સારતો,
દેહ આદિ જવ જાણીયેરે ક્ષણભંગુર તું જાણતો. ૧૬
સિદ્ધાનંદ તું સાસ્વતોરે તુજ ગુણ અંત ન પારતો,
દર્શન જ્ઞાન ચરિત્ર મઇરે ગુણ ન લાભું પારતો. ૧૭
તે દૃષ્ટાન્ત સાંભલોરે કહુ તે યથારથ વાતતો;
સરોવર દિસે રૂવડોરે ગહર ગંભીર વિશાલતો. ૧૮
નિર ભર્યો છે નિરમલોરે ઉભયતટ ગુણ માલતો,
તે માંહિ એક મોહણીરે નિર્મલ દિસે જલમાંહિતો. ૧૯

મેઘ વૃષ્ટિજલ ઉભર્યોરે સરોવર માંહિ ઉતંગતો,
કમોદણી ભિંજે નહિરે તેમ ચિદાનંદન તું માંહિતો. ૨૦
જલ જમવાહિયે નહિરે સદાકાલ રહે જલમાંહિતો,
તિમ ચિદાનંદ તનુ માંહિરે ભિન્ન રહે ઘર માંહિતો. ૨૧
કર્મવશ પડયો જીવડોરે તનુ સરોવર માંહિ સારતો. ૨૨
ભિન્ન દિસે એ જગ સહુરે ભિન્ન દીસે એ સંસારતો,
ચિદાનંદ કેવલ રૂપરે સાસ્વતો છે ચિદાનંદતો. ૨૩
મોહ કરી ચઢી કરીરે એક કરી તેહ મીનતો,
ચારગતિ ચૌરાસી લક્ષરે ભવ ગણુતા નહિ પારતો. ૨૪
ભવે ભવે કુટુંબ કર્યારે પરિવાર કર્યા બહુ તાતતો,
લક્ષ્મી લાભ ઘણા જોડીરે પુદ્ગલ કર્યા અનેકતો. ૨
કર્મ નચાવે નાચિયોરે દિસે છે સર્વ ભિન્નતો,
મોહે બાંધ્યો જીવસહીરે જડબુધ્ધિ તો તું સ્વામીનો. ૨૬
એકત્ર ચિંતવે તે વલીરે જાણે સર્વ નિત્યતો,
તલમાંહિ તીલ રહેરે જિમ અગ્નિ પાષાણુતો. ૨૭
કાષ્ટ અગ્નિ જેમ જાણીયેરે જેમ તનુ જીવ વખાંણુતો,
ભિન્ન ન જાણે જીવ સહુએ દુઃખ ભોગવે અજાણુતો. ૨૮
જન્મ મરણુ કરે ઘણારે દુઃખ સુખ ભોગવે તેહતો,
પાપ ફલ પુણ્ય ફલરે શુભ અશુભ ગુણુ જેહતો. ૨૯

दोहा.

જીવતું અતિ ઉજળો, મહા નિકલંક તું જાણુ;
કૃતફલ જિમ ભિન્ન કરે, તિમ જીવ વખાંણુ. ૩૦
અનંત શકિતનો તું ધણી, કર્મવશ પડીઓ જાણુ;
કર્મરજથી ઢાંકીઓ, વાદલ છાયો ભાણુ. ૩૧

भास सहीनी.

ઘટ મધ્યે નીરભર્યો ઉપર ઢાંકી મુખ પડયો,
અજ્ઞન જાણે તેહમાં જલ ભર્યારે સહિએ. ૩૨

હાંડીમાં ચોખા દિસે ઢાંકણી ઢાંકી મુખવડે,
હાંડી દીસે પણ ચોખા પણ દિસે નહિરે સહિયે. ૩૩
તિમ કર્મ રજે કરિ બાંધે તું નંત શક્તિ ઘણીરે,
જડ સંયોગે તું બાંધે કર્મ ઘણારે. સહિયે. ૩૪
કામલ ઓઢી કરી સુઇ રહ્યો તું નિચિંત વળીરે,
કર્મજલ ભીજવે તુંજને વલીરે. સહિયે. ૩૫
જેમ જેમ કર્મજલ વરષે તેમ તેમ પ્રીતિ ઘણી દીશેરે,
મોહ મયણે કરી તું રાચીઓરે. સહિયે. ૨૯
કાયા સર્વ ભિન્ન દીસે માયા ભિન્ન કહી ઇશરે,
નિત્ય ન દીસે એ સર્વ અનિત્યરે. સહિયે. ૩૭
એમ જાણી જીવ ચિન્તવો અનુપેક્ષા ભાવ અનુભવો,
જેમ રાજહંસ ગુણ મન ધરોરે. સહિયે. ૩૮
રાજહંસ ગુણ કહું સાંભલો ભવ્ય જીવ સહું,
સાંભલતાં સુખ બહુ ઉપજેરે. સહિયે. ૩૯
માન સરોવર રાજહંસ રહે નીરમલ ગુણ હંસ,
મુકતાફળ ભોગી તે વલી નીરમલોરે. સહિયે. ૪૦
ક્ષીર નીર ભેગા કરી રાજહંસ આગળ ધરી,
ક્ષીર ભક્ષ નિર તે તજી રહેરે. સહિયે. ૪૧
એહવો ગુણ સાંચ તણો દીસે છે તે અતિ ઘણો,
ક્ષીર નીર તેહ તે જુદુ ધરેરે. સહિયે. ૪૨
તું જીવ એહવા ગુણ ગ્રહી ભિન્ન કરો,
દ્રવ્ય દ્રએ જીવ જડ થકી છે ભીન્નરે. સહિયે. ૪૩
જેમ હંસે જુદુ કર્યું ક્ષીર નિર તેં ન ધરૂ,
તિમ જીવતે ભિન્ન કરી છુટયા કર્મરે સહિયે. ૪૪
તિમ તું નીજ શકિત કરી પ્રગટ કરે જો તું જ્ઞાન ઘણી,
કર્મ છુટો જીવ શિવ સર્મ વરોરે. સહિયે. ૪૫

પંડીત કૃષ્ણજી કહે સદા વલી વલી ભાવ ધરે મુદા,
રામકિર્તિના એ શીષ્ય માગે એટલુંરે. સહિયે. ४६

इति अन्यत्व भावना.

६ असुची भावना.

दोहा.

પંચ પરમેષ્ટીના પય નમિ, પ્રણમી સહ ગુરૂ પાય;
છઠ્ઠી અનુપેક્ષા કહું, મન ધરી અધિક ઉચ્છાય. १
શુચી ભાવનાજ કહી, અશુચિ તેહજ નામ;
તેહ વર્ણન હવે સાંભલો, કરૂં તેહવા જ્ઞાન. २
અશુચિ એસુ કહું, અશુચિ છે શરિર;
સુચી પુદ્ગલ સૂચિ નહે, કહ્યા શ્રી જિનવર વીર. ३

भास आनंदानी.

અશુચિ બંધ પુદ્ગલ તણો આનંદારે સુચી ન કહે જગદીશતો
સાત વાતે બાંધિયો આનંદારે મલમુત્ર ભર્યો તેહ માંહિતો. ४
શુક્ર શ્રોણિત જાણીએ આનંદારે ચર્મે વિટયો તેહતો
તેહ માંહિ રાચી રહોરે આનંદારે કર્મ જડ ધી એહતો. ५
નરક ભાજન એહ જાણીરે આનંદારે કર્મ કોયલો જે હતો,
કર્મ કોટક બહુ ભર્યા આનંદારે દુર્ગંધિ દેહિ છે તેહતો. ६
રોગતણો ભંડાર છે આનંદારે દુખદાયક છે જાણતો,
ચાર ગતિ તણા કયા આનંદારે ચોરાસી લક્ષ દુઃખ ખાંણતો ७
અશુચિ ભાજન છે એહવો આનંદારે કલેશતણો છે ઘરતો
મોહે વાહ્યો જીવડો આનંદારે દુઃખ ભોગવે વલી તેહતો ८

જ્વર ઉપજે તનુવલી આનંદારે મસ્તક ચઢે ઘોરતો,
ખાંશી થાયે નિર્મલી આનંદારે પીતાજ્વર તે જાણુતો. ૯
નાશીકા ગલે શરદી થકી આનંદારે નેત્ર રોગ વલી હોયનો,
કર્ણુ રોગ વલી આવે સહિ આનંદારે ઉદર રોગ બહુ પીડતો ૧૦
અંગ ગલે જબ આપણો આનંદારે શિથલ થાયે શરીરતો,
હાથ પગ ખંડીત હોયે આનંદારે એહ વિધિ ઉપજે રોગતો. ૧૧
કલેશ ઉપજાવે જીવને આનંદારે મોહ કર્મ કરી જાણુતો,
કલેશ થકી જીવ જાણજે આનંદારે ક્રોધ ઉપજે અપારતો ૧૨
ક્રોધ કરે વલી નીરમલો આનંદારે આરતધ્યાન ઉપજે ઘોરતો,
આર્ત થકી રૂદ્ર થાયે આનંદારે અહોનિશ ચિંતવે મન્નતો. ૧૩
તિર્યંચ નરકગતિ આનંદારે લેઇ ધરે તેહમાંહિતો,
નવ વારે પાંણીજરે આનંદારે દુર્ગતિ દીશે દેહતો. ૧૪
હાડ તણું એ પાંજરૂ આનંદારે અશુચિ ભાજન તેહતો,
પાંચ વર્ણનો પુતલો આનંદારે ધોળો લીલો રંગતો. ૧૫
કાલો પીલો જાણીએ આનંદારે રાતો રંગ મજીઠતો,
તે દેખી તું રાચી હવો આનંદારે મોહ બાંધે જીવ મુઢતો. ૧૬
તેહ મોહ દુરગતિ લહે આનંદારે પામે દુઃખ અપારતો,
વિકલત્રય પુદ્ગલ બાંધી આનંદારે કર્મવશે તું જાણુતો. ૧૭
તે દેખી પુદ્ગલ જીવ આનંદારે રાચી રહ્યો મન માંહિતો,
મોહ ઉપજાવ્યો અતિ ઘણો આનંદારે દુઃખ ભાજન એહ સહિતો.
પુદ્ગલ ગુણ હવે કહું આનંદારે સાંભલ ભવ્ય સુજાણુતો,
પુદ્ગલાદિક રંગીલો આનંદારે ભરીઓ અશુચી ભંડારતો. ૧૯
ઘોલો પુદ્ગલ દેખીને રાચે આનંદારે રે મુઢ તું ગમારતો,
સ્ત્રી મુખ સામું શું જોઈ રહ્યો આનંદારે પાંમે હર્ષ અપારતો.
મુખ શ્લેશમા કુંડ ભર્યો આનંદારે મલીન દીસે જગમાંહિતો,
કુશકુંભ વલી જાણીએ આનંદારે માંસ પીંડ સમ તેહતો. ૨૧
તે દેખી મોહ કરે ઘણું આનંદારે નરક પડવા જીવ કાજતો,
નાભી કમલે મોહીઓ આનંદારે હરખ ધરે મનમાંહિતો. ૨૨

કે મલમુત્ર તેહમાં ભર્યો આનંદારે દુરગતિ દાયક જાણુતો,
ભોલા લોક ફંદે પડે આનંદારે પાંમે દુઃખની ખાણુતો. ૨૩
ઉજવળ દેહ દેખી કરી આનંદારે કેઇક મોહ્યા ગમારતો,
દુરગતિ પામ્યા તે બાપડા આનંદારે કષ્ટ ભોગવે અપારતો. ૨૪
રામકિર્તિ ચ ણે નમી આનંદારે અનુચર તેનો જાણુતો,
પંડીત કૃષ્ણજી કહે મુદા આનંદારે ભવભવ તુમ ગુણ દાસતો. ૨૫

दोहा.

એક ગુણ છે પુદ્ગલ તણા, કહ્યા એહ ગુણ માળ;
સંક્ષેપે તે વરણવ્યા, અપલ્પ બુદ્ધિ વિશાળ. ૨૬
હવે ભેદ કહુ તેહના, સાંભલો પરમાનંદ,
અશુચિ ભંડાર છે એ તનુ, દુરગતિનો એહ કંદ. ૨૭

भास नरेसुया.

રકત વર્ણ તનુ દેખીએ નરેસુયા રાચ્યો મુઢ ગમાર,
પીલો દેખી નર રાચીઓરે નરેસુયા શ્યામવર્ણ વલી દેખી. ૨૮
હરીતવર્ણ રંગ દેખીયોરે નરેસુયા ધોલા ઉપર બહુ મોહ,
એ સર્વ છે કારીમોએ નરેસુયા ભુલી ભમ્યો નર સોહ. ૩૦
ચર્મ દ્રષ્ટી દેખી નર રાચીયોરે નરેસુયા મોહ કરે દુષ્ટ જીવ,
મોહ થકી જીવ દુઃખ લહેરે નરેસુયા નરગતિ મુજાર. ૩૦
અશુચિ પોટલો એહ જાણીયે નરેસુયા શુભતણી દુતિ જાણ,
એહ સંગતિ પ્રાણી જે કરેરે નરેસુયા કર્મવશથી અજાણ. ૩૧
એહ સંસાર માંહિ કહ્યોરે નરેસુયા દુરગતિનો દાતાર,
દુષ્ટ તણી સુષ્ટ સંગએ નરેસુયા દુષ્ટ હોય તત્કાળ. ૩૨
પાપી સંગત પાપ કરેરે નરેસુયા ઉત્તમ હોવે જીવ,
તેમ પુદ્ગલ દુષ્ટ ગુણેરે નરેસુયા વિલેપન કરે તનુકર. ૩૩
ક્ષણમાં સુગંધ દુર્ગન્ધ હોયે નરેસુયા દેખત દેખત તેહ,
જેહવો સંગ તેહવો ગુણ એ નરેસુયા પામે નિસંદેહ. ૩૪
એહવા ગુણ તનુ છે સદારે નરેસુયા દુર્જન તણા ગુણ જાણ,

જેણે તજ્યા તે સિદ્ધ હુવારે નરેસુયા શરીર સંસાર અસાર. ૩૫
જગવાસી જીવ જાણીયેરે નરેસુયા માને નિત્ય પ્રમાણ,
ક્ષણભંગુર તે જાણીયેરે નરેસુયા શરીર સંસાર અસાર. ૩૬
કાચો કુંભ પાણી એ ભર્યોરે નરેસુયા ક્ષણમાંહિ તે ગલી જાય,
તેમ પુદ્ગલ ગુણ કહ્યોરે નરેસુયા અશુચિ નામ કહેવાય. ૩૭
જલવૃષ્ટિ મેઘ કરેરે નરેસુયા વરસે મુશલ ધાર,
તેહમાં ઉપજેરે પરપોટેરે નરેસુયા ક્ષણમાંહે દુઃખકાર. ૩૮
તેમ તનુ ક્ષણભંગુર કહ્યોરે નરેસુયા દુરગતિ દાયક એહ,
મોહ કર્મવશ પડીયોરે નરેસુયા રાચી રહ્યો ગમાર. ૩૯
અશુચિ ભાજન તનુ લહ્યો નરેસુયા દુરજન એહ સ્વભાવ,
જડબુદ્ધી ચેતન કહ્યોરે નરેસુયા સંચો મોહ કર્મ ભાવ, ૪૦
મહત પુરૂષ તણી કથારે નરેસુયા કહુયથારથ વાત,
પુદ્ગલના અવગુણ જાણ્યારે નરેસુયા તજીઆ તે પંચ પ્રકાર, ૪૧
તિર્થંકર દેવ નિરમલારે નરેસુયા તજ્યો અશુચિ ભંડાર,
એમ જાણી સંયમ ગ્રહ્યોરે નરેસુયા મમતાતજી શરીર. ૪૨
ધ્યાન ધરિ કર્મક્ષય કરીરે નરેસુયા શીવપદ લહ્યો વીર,
ચક્રવૃતિ એણીપરેરે નરેસુયા પ્રગટ કરી નિજ શકિત. ૪૩
શરીર મુમત મુકી કરીરે નરેસુયા દુર્જન જાણ્યો વિરકત,
એણીપેરે બહુ વિધિ હુવારે નરેસુયા મોટા પુરૂષ વખાણ. ૪૪
દેહ તજી મુકિત ગયારે નરેસુયા પામ્યા સૌખ્ય નિધાન,
અશુચિ તેણે જાણીયુંરે નરેસુયા નિરાલંબ તે જાણ. ૪૫
આત્માનુ ધ્યાન ધરિયેરે નરેસુયા ત્રિકાલ યોગ વખાણ,
તેરહ પ્રકાર ચારિત્ર ધરિરે નરેસુયા અશુચિ દેહ જાણે ચંગ. ૪૬
ઘોર વીર તપ આચરીરે નરેસુયા પરિષસહ સહે બાવીશ,
પંચેન્દ્રિયનું દમન કરેરે નરેસુયા જીતે વિષય તે ચોર. ૪૭
આત્મા શકિત પ્રગટ કરેરે નરેસુયા પામે તે મુગતિ સૌખ્ય,
કેવલજ્ઞાની એ સર્વ અસાર કહ્યોરે નરેસુયા અશુચિ એવો દેહ.૪૮
મોટા પુરૂષ જે હવારે નરેસુયા જાણ્યો અથીર સંસાર,

અશુચિ જાણી એવા દેહુનેરે નરેસુયા તજીઓ મોહુ અપાર. ૪૯
શાસ્વતા સુખ પામીઆરે નરેસુયા અવિચલ સૌખ્ય ભંડાર,
આવાગમન નિવારણરે નરેસુયા અશુચિ ભાવના ગુણધાર. ૫૦
જડબુદ્ધિ છે જીવનેરં નરેસુયા ત્યાર સુધી રહ્યા રાચી,
જડ સંયોગે કર્મ બાંધેરે નરેસુયા ચોંડી ન શકે વિરાચી. ૫૧
પોતે પોતાનું પ્રગટ કરેરે નરેસુયા બલીઓ થાયે જે જીવ,
તોડે કર્મ પોતા તણારે નરેસુયા જ્ઞાની કહ્યા તેહુ ભાવ. ૫૨
પંડીત કૃષ્ણજી મન ધરેરે નરેસુયા ભવભવ માગુ એહુ ભાવ,
કીરપા કરો મુજ ઉપરેરે નરેસુયા છુટે સંસારહુ નાવ. ૫૩

दोहा.

છઠ્ઠી ભાવના મેં કહી, આગમને અનુસાર;
અલ્પબુદ્ધિ છે માહુરી, ના જાણું શાસ્ત્ર વિચાર. ૫૪

इति अशुचि भावना.

७ आस्त्रव भावना.

दोहा.

સાતમી ભાવના વર્ણવું, સંક્ષેપે ગુણધાર;
યથાયોગ્ય હું વર્ણવું, સાંભલો બાલગોપાલ. ૧
કુંદકુન્દ સુરિવર કહ્યા, લહયો સકલકિર્તિ સુરીરાય;
તેહુ ગુણ લેઇ કરી, વિસ્તારૂ સુણો રાય. ૨
સ્ત્રવ ભાવના નામ કહી આસ્રવ જાણો નામ,
આસ્રવ કહેતાં જીવને કર્મબંધ હોય જેમ. ૩
તેહુ તણા ભેદ સુણો, કહુ, સંક્ષેપે આજ;
સાંભલતાં સુખ ઉપજે, સરે તે જીવનાં કાજ. ૪

ભાસ સુણ સુંદરીની.

મિથ્યાત્વ પંચ પહેલા કહ્યારે સુણ સુંદરી અવિરત કહ્યો જે વાર,
કષાય પંચવિસ કહિયેરે સુણ સુંદરી યોગ્ય પન્નર જે સાર. ૫
સત્તાવન એ જાણીયેરે સુણ સુંદરી આસ્રવ એહજ નામ,
સંસારી જીવતે અતિ ઘણોરે સુણ સુંદરી બાંધ અશુભ જે ધામ.
સંસાર સમુદ્ર માંહિ વલીએ સુણ સુંદરી બુડ પત્યક્ષ જીવ. ૭
થાહના લાધે જીવનેરે સુણ સુંદરી ભરે અબાલે બાથ,
કાઢવા કોઈ સમરથ નહિરે સુણ સુંદરી બુડા જીવ અગાધ. ૮
એહ દૃષ્ટાંજ સાંભલોરે સુણ સુંદરી નાવ તણો સુવિચાર,
સાંભલતી જીવને ઘણોરે સુણ સુંદરી જ્ઞાન ઉપજે મનોહાર. ૯
સમુદ્રમાંહિ પુરૂષ એ સુણ સુંદરી ઝાઝે શઢ વામન કરેરે,
ઝાહજે ચઢી કરીરે સુણ સુંદરી પાર ઉતારૂં જન્ન. ૧૦
નાવે બેસી જળ મારગેરે સુણ સુંદરી ચાલે તે નિશંક,
છિદ્ર નાવ તે સોહામણીરે સુણ સુંદરી દીસે તે અશુભ અંક. ૧૧
જલ ભરાણો તે નાવ માંહિરે સુણ સુંદરી દેખત દેખત જાય,
જહાજ બુડે તે જલમાંહિરે સુણ સુંદરી રાખી ન શકે કોઈ ભાય.
કોલાહલ કરે ઘણાએ સુણ સુંદરી સહાય ન: થાય કોઇ,
તિમ જીવને સહાઇ નહિરે, સુણ સુંદરી તે સુંણો સહુ કોઈ. ૧૩
કાલ અનાદિનો જીવડોરે સુણ સુંદરી ભટકે અનંત અપાર,
આસ્રવ જલમાંહિ બુડેરે સુણ સુંદરી કોઇ સહાય ન થાય. ૧૪
એકાન્ત વિપરીત વિનય કહયોરે સુણ સુંદરી સંશય ને અજ્ઞાન,
પંચ મિથ્યાતના નામ કહ્યાંરે સુણ સુંદરી સુંણો અવિરત નામ. ૧૫
પાંચ સ્થાવર છઠો ત્રસરે સુણ સુંદરી પંચેન્દ્રી છઠો મન્ન,
એ બારહ અવિરતરે સુણ સુંદરી બાંધે કર્મ અનંત. ૧૬
ક્રોધમાન માયાં કરિરે સુણ સુંદરી ચોથો છે વલી લોભ,
અનંતાનુ બંધ ચોકડીરે સુણ સુંદરી પ્રત્યાખ્યાન એ ક્ષોભ. ૧૭
અપ્રત્યાખ્યાન ચોકડીરે સુણ સુંદરી સંજવલની તે નામ,
સોલહ ભેદ એહ કહ્યારે સુણ સુંદરી હાસ્યાદિક ષટ્નામ. ૧૮

સ્ત્રિવેદ નપુંસક વેદ એ સુણ સુંદરી પુરૂષ વેદ તેહ જાણ,
એહુ આદિ પચવિસ કહ્યારે સુણ સુંદદી શ્રીજીન વરની વાંણ. ૧૯
પચવીશ કષાય એ કહીરે સુણ સુંદરી નામ વિધાને તેહ,
યોગ કહું પન્નર વલીરે સુણ સુંદરી નામ સુણો વાત જેહ. ૨૦
મન વચન કાયા તણારે સુણ સુંદરી પન્નર કહ્યા તે યોગ,
ચાર મનના જાણીએરે સુણ સુંદરી વચનના ચાર પ્રકાર. ૨૧
સાત યોગ કાય તણારે સુણ સુંદરી પન્નર કહ્યા જિનરાય,
બાંધે શુભ અશુભ કર્મ એ સુણ સુંદરી પરિણામે કરી દુઃખદાય ૨૨
તેણે કરી દુઃખ ભોગવેરે સુણ સુંદરી લક્ષ ચોરાસી માંહ,
સુખ દુઃખ ભોગવે જીવ ઘણોરે સુણ સુંદરી પાર ન પાંમે સહી ૨૩
પંચ મિથ્યાત બે કેલવ્યારે સુણ સુંદરી સાંભલ કહુ તુંજ વાત,
એક્રાંત મન તે કેલવ્યોરે સુણ સુંદરી બોધ તણોરે મિથ્યાત. ૨૪
વિનય મિથ્યાત તે કેલવ્યોરે સુણ સુંદરી ભક્ષા ભક્ષ અપાર.
તેણે કરી દુઃખ ભોગવ્યાંરે સુણ સુંદરી નરકગતિ રસાલ. ૨૫
અજ્ઞાન ભાવ મન ધર્યોરે સુણ સુંદરી મોહે જડીઓ જીવ,
ભક્ષ અભક્ષ ન જાણીયોરે સુણ સુંદરી અજ્ઞાન દશા પરભાવ. ૨૬
રાત્રિ ભોજન તેં કર્યાંરે સુણ સુંદરી ખાંધાં તે વાસી અન્ન,
સ્વાદ લીધે વસ્તુ લીધીરે સુણ સુંદરી માંસ દોષલાગ્યો ગુણવંત. ૨૭
દીન ચોથાની તક્ર ભક્ષીરે સુણ સુંદરી મદીરા દોષ પ્રમાણ,
અજ્ઞાન ભાવ તે ભોગવ્યારે સુણ સુંદરી દુઃખ પાંમે જીવ અજાણ. ૨૮
વિપરીત નામ ચોથો વલીરે સુણ સુંદરી ભમેં અપાર,
દેવ સર્વ સરિખા કરેરે સુણ સુંદરી ભેદ જાણે ગમાર. ૨૯
સંશય મિથ્યાત પંચમોરે સુણ સુંદરી સંસય રહે મન માંહી,
નિવેડો ન કરે કોઇ તણોરે સુણ સુંદરી ધર્માધર્મનો કાંઇ. ૩૦
અંધા આંગલે આરસિરે સુણ સુંદરી બહેરા આગળ ગાવે ગીત,
આરસી ગુણ અંધો ન વિલહે સુણ સુંદરી બહેરો ન જાણે ગીત. ૩૧
તે મિથ્યાત મોહિ રહ્યોરે સુણ સુંદરી ન જાણે સુદ્ધા સુદ્ધ,
